# ૪.૧૨ જૈન શાસ્ત્રની ચાર વિચારધારાઓ

## દ્રવ્યાનુયોગ–ગણિતાનુયોગ–ચરણકરણાનુયોગ–ધર્મકથાનુયોગ

જૈન તત્ત્વદર્શનના મુખ્ય સ્રોતસમા આગમગ્રંથોનું સમગ્ર સાહિત્ય વિષયની દૃષ્ટિએ મુખ્ય ચાર વિભાગોમાં વહેચાયેલું છે. એ ચાર મુખ્ય વિષયોને અનુયોગને નામે (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરણકરણાનુયોગ (૪) ધર્મકથાનુયોગ.

'અનુયોગ'ની વ્યાખ્યા સંક્ષેપમાં બે રીતે થઈ શકે : (૧) પ્રથમ સૂત્ર અને પછી અર્થવાચનાનો જે યોગ–સંબંધ તે અનુયોગ (૨) સૂત્રરચનાના આશયને અનુકૂળ અર્થાન્વિય તે અનુયોગ. તાત્પર્ય એ કે સૂત્રની પાછળ જ, સુસંગત અર્થઘટન સ્વીકાર્ય ગણાય, એમાં મનસ્વી પરિવર્તન ચાલી શકે નહી.

પહેલાં આગમસૂત્રોમાં ચારેય અર્થની વ્યાખ્યા પ્રચલિત હતી પરંતુ સમય જતાં આગમગ્રંથોમાં અનુયોગ સંબંધી વ્યાખ્યાની વ્યવસ્થા શ્રી આર્યરક્ષિત સૂરિજી મ. થી ગોઠવાઈ.

### દ્રવ્યાનુયોગ.

દ્રવ્યાનુયોગ એટલે દાર્શનિક અને તત્ત્વજ્ઞાનના વિષયોની વિશદ ચર્ચા–વિચારણા જેમાં રહેલી છે.આ અનુયોગમાં મુખ્યત્વે આત્મદ્રવ્યનાં વિવિધ પાસાંઓનું વિવરણ મળે છે. આત્મદ્રવ્યનો શુદ્ધ પર્યાય મોક્ષ છે, પણ કર્મના યોગે અશુદ્ધ પર્યાયરૂપ સંસાર એને વળગેલો છે. આત્મદ્રવ્યને કેન્દ્રમાં રાખીને નીચેનાં છ દ્રવ્યોનું વિવરણ આ દ્રવ્યાનુયોગમાં કરવામાં આવ્યું છે.

(૧) જીવ, (૨) પુદ્ગલ, (૩) ધર્મ, (૪) અધર્મ, (૫) આકાશ અને (૬) કાળ, આ છ દ્રવ્યો પૈકી કાળ સિવાયનાં પાંચ દ્રવ્યોનો પ્રદેશસમૂહ થતો હોઈને તેમને 'અસ્તિકાય' કહ્યા છે. જ્યારે કાળ અસ્તિકાય નથી. તેથી તેને કેટલાક દ્રવ્ય ગણતા નથી. પણ પદાર્થના પરિવર્તનમાં કાળ પણ સહાયક હોઈને એની ગણના પણ દ્રવ્યમાં જ કરાઈ છે. આ દ્રવ્યો પૈકી જીવનું લક્ષણ ચેતના છે, પુદ્ગલનું લક્ષણ સ્પર્શ–રસ–ગંધ–વર્ણ છે, ધર્મનું લક્ષણ ગતિસહાયતા છે, અધર્મનું લક્ષણ સ્થિતિસહકારિત્વ છે, આકાશનું લક્ષણ અવકાશ આપવાનું છે અને કાળનું લક્ષણ રૂપાંતર –પરિણમન છે.

આ છ દ્રવ્યો પૈકી આકાશને આધાર–દ્રવ્ય તરીકે અને બાકીનાં પાંચને આધેય–દ્રવ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે.

બીજા અંગ 'સૂત્રકૃતાંગ' (સૂયડાંગ) સૂત્રમાં આ દ્રવ્યાનુયોગની પ્રધાનતા જોવા મળે છે. આ દ્રવ્યાનુયોગને સોનાની ખાણની ઉપમા આપેલી છે કેમકે, એમાં આત્માની સાચી ઓળખ પ્રાપ્ત થાય છે.

## ગણિતાનુયોગ.

ગણિતાનુયોગમાં જૈન માન્યતા અનુસાર ખગોળ,ભૂગોળ,જ્યોતિષ, કાળના ભેદ આદિનો સમાવેશ થાય છે. પણ આ સ્થૂળ અર્થમાં જ એની પૂર્ણતા નથી; દ્રવ્યાનુયોગમાં જે ષડ્દ્રવ્યોનું જ્ઞાન પ્રાપ્ત થયું તેને વિશે સાચી શ્રદ્ધા પેદા થવી તે સાચો ગણિતાનુયોગ છે. ગણિતની જેમાં પ્રધાનતા રહેલી છે. દરેક પ્રકારના માન–ઉન્માન–પ્રમાણ વગેરે સંખ્યા કે આંકડામાં ચોક્કસ પ્રકારની જેમાં બતાવેલી છે.

આકાશદ્રવ્યના બે વિભાગો છે. : લોકાકાશ અને અલોકાકાશ, સઘળાયે જીવ–પુદ્ગલ વગેરે કેવળ લોકાકાશમાં પ્રવર્તે છે તેની બહાર કેવળ અલોકાકાશ છે.

લોકાકાશના ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યક્(તીર્છા)લોક એવા ત્રણ વિભાગોની વ્યવસ્થા છે. દ્વીપ–સમુદ્ર, નદી,પર્વતો, દ્રહો, સાત પૃથ્વી આદિ સહિત લોકનાં પ્રમાણો, કાળની ઉત્પત્તિમાં કારણભૂત સૂર્ય–ચંદ્રનાં મંડલો, એમની સંખ્યા, ગતિ, પ્રકાશ, ઊંચાઈ, વૃદ્ધિ–હાનિ, ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોના પ્રદેશોની સંખ્યાનું પ્રમાણ વગેરેનું વિવરણ આ અનુયોગમાં થયેલું છે.

સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ જેવાં ઉપાંગોમાં આ ગણિતાનુયોગની મુખ્યતા છે.

આ અનુયોગને ચાંદીની ખાણની ઉપમા અપાઈ છે.

## ચરણ–કરણાનુયોગ.

જીવનને મળેલી જીવન શક્તિઓને પતનના માર્ગે જતી અટકાવવી એ બહુ મોટી બુદ્ધિમત્તા છે. બહુમોટા પરાક્રમ વિના સત્તા–સંપત્તિ કે સમજને સન્માર્ગે કે સદુપયોગના માર્ગે વાળી શકાતી નથી. તેથી જીવનમાં સાત્વિક આચાર–વિચારો હોવા જરૂરી છે. જીવનની કોઈપણ ક્રિયા કે આચારને જ્યારે 'અતિ'નું વિશેષણ લાગે છે. ત્યારે તે વિનાશ તરફ જઈ રહ્યો હોય છે. તો તેનાથી પણ ફરવા, સંયમતિ બનવા, કેટલાંક સાત્વિક આચારો અપનાવવા જોઈશે. સારું ચારિત્ર એ ઉચ્ચ જીવનની નિશાની કહી છે તેથી,સમ્યગ્ ચારિત્રના સાચા કારણરૂપ આ અનુયોગ છે, અને તેથી જ તે ચારેય અનુયોગમાં સૌથી વધુ પ્રબળ છે. કેમકે જ્ઞાન અને શ્રદ્ધા પ્રાપ્ત કર્યા પછી પણ આત્માને ચરમ લક્ષ્યસ્થાને તો આ આચારપાલન–ચારિત્રપાલન જ પહોંચાડે છે.

<u>ચરણ :</u> એટલે મૂળ આચાર, મૂળગુણ, નિત્ય કરવા યોગ્ય ક્રિયા – નિત્યચર્યા.

<u>કરણ :</u> એટલે ઉત્તરગુણ, પ્રયોજને કરવા યોગ્ય ક્રિયા આ ચરણ અને કરણના ૭૦–૭૦ ભેદો હોઈને તે ચરણસિત્તરીને નામે ઓળખાયાં છે.

<u>ચરણસિત્તરીમાં :</u> ૫ મહાવ્રતો, ૧૦ પ્રકારના શ્રમણધર્મ, ૧૭ પ્રકારના સંયમ, ૧૦ પ્રકારના વૈયાવૃત્ય, ૯. પ્રકારની બ્રહ્મચર્યગુપ્તિ, ૩ પ્રકારે જ્ઞાન–દર્શન–ચારિત્ર, ૧૨ પ્રકારનાં તપ અને ૪ પ્રકારે ક્રોધ– માન–માયા લોભ જેવા કષાયોનો નિગ્રહ–આટલાનો સમાવેશ થાય છે.

<u>કરણસિત્તરી :</u> ૪ પ્રકારે પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૨ પ્રતિમા, ૨૫ પ્રતિલેખના, ૪ અભિગ્રહ, ૫ ઇંદ્રિયનિરોધ અને ૧૨ ભાવનાનો સમાવેશ થાય છે.

આ રીતે સાધુધર્મને અને શ્રાવકધર્મને યોગ્ય આચાર-વિચારોનું નિરૂપણ તે ચરણકરણાનુયોગ છે. પાંચ મહાવ્રત, પંચાચાર, અષ્ટ પ્રવચનમાતા, ચરણસિત્તરિ, કરણસિત્તરી, માર્ગાનુસારીના ૩૫ ગુણો, શ્રમણ જીવનમાં આહાર, પાણી, ભાષા, શય્યા, વિહાર, વસ્ત્ર, પાત્ર વગેરેને અનુલક્ષીને જરૂરીયાતો અને દિનચર્યા વગેરેનું તેમજ શ્રાવકનાં બાર વ્રતોનું એમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રથમ અંગ 'આચારાંગસૂત્ર'માં આ ચરણકરણાનુયોગની પ્રધાનતા છે.

આ  અનુયોગને હીરાની ખાણ કહેવામાં આવ્યો છે.

jainuniversity.org

## ધર્મકથાનુયોગ.

અજ્ઞાની અને બાલજીવોને સહુથી વધુ ગમતો અને બુદ્ધિમાં ઉતરતો સહેલો અને સરળ આ અનુયોગ છે.

આત્મશુદ્ધિ અને આત્મવિકાસ માટે આદર્શભૂત મહાપુરૂષોનાં જીવનચરિત્રો અને કથા-દૃષ્ટાંતકથાઓનો સમાવેશ ધર્મકથાનુયોગમાં કરવામાં આવ્યો છે.

સમ્યક્ચારિત્રની કે ધર્મની આરાધના કરનારને કેવી રીતે મોક્ષપ્રાપ્તિ થાય છે, અને ધર્મની વિરાધના  કરનારને કેવું સંસારભ્રમણ અને અધોગતિ થાય છે, તે સમજાવનારી ધર્મકથાઓ તે ધર્મકથાનુયોગ.

છઠ્ઠું અંગ 'જ્ઞાતાધર્મકથાંગ'માં આ ધર્મકથાનુયોગની મુખ્યતા છે, જો કે આ અંગમાં જ કેવળ પદાર્થોનું વ્યવસ્થિત સ્વરૂપ સમજાય છે. એક કાળે આ મૂળ આગમગ્રંથમાં સાડા ત્રણ કરોડ વાર્તાઓ હતી તેવું ગણિતાનુયોગ વડે આત્માના ચરમ અને પરમ એવા સ્વ-સ્થાનનો સાચો ખ્યાલ આવવા સાથે અનંતકાલથી આ જીવે જે પરાયાં સ્થાનોમાં પરિભ્રમણો કર્યાં છે એનો બોધ થાય છે અને સાચી શ્રદ્ધા જાગે છે.

સર્વ જ્ઞાનાય ભવતુ

ચરણકરણાનુયોગ વડે જીવનમાં આચાર-ધર્મ-ચારિત્ર ધર્મ જ અતિ બળવાન છે તે સમજાય છે, અને આ સંસારાઆસક્ત આત્માને કર્મક્ષય દ્વારા મુક્તિનો માર્ગ સાંપડે છે.   ધર્મકથાનુયોગ એ મુક્તિમાર્ગે જવાની તત્પરતા કેળવવામાં અને સક્રિય બનવામાં પ્રેરક અને પથદર્શક બની રહે છે.

આ અનુયોગને લોહ (લોઢું)ની ઉપમા આપવામાં આવી છે. કારણકે ઉપરના ત્રણેય યોગને ખોદવામાં મેળવવામાં -સમજવામાં લોઢાના હથિયારરૂપી કથા-દૃષ્ટાંતો જ જ્ઞાન સચોટ રીતે પ્રાપ્ત કરાવે છે. તેથી આ યોગવિના ઉપરના ત્રણેય યોગો અધૂરા કે અણસમજવાળા બની જાય છે.